# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

બાળજીવોએ જીવનમાં ઘણી વખત યાત્રા પ્રવાસ કર્યો પણ ક્યારેય વિચાર કર્યો કે યાત્રા પ્રવાસ કરવાથી શું મેળવ્યું અથવા હતું તેમાંથી શું ગુમાવ્યું ? આજ સુધીનાં યાત્રા પ્રવાસ એ તીર્થયાત્રા હતી કે સહેલગાહ પ્રવાસ હતો કે અનુભવ યાત્રા હતી? સંસારીક જીવનમાં તો અશુભમાં હતો, તીર્થયાત્રા વખતે જીવ અશુભમાં રહ્યો કે શુભમાં રહ્યો કે શુધ્ધ ભાવમાં (ગુણો પ્રગટાવવામાં) રહ્યો, તેનો વિચાર

| ઉપયોગ સહીતની તીર્થયાત્રા | ઉપયોગ રહીતની તીર્થયાત્રા |
|---|---|
| જ્ઞાન સહીતની ક્રિયા | જ્ઞાન રહીતની ક્રિયા (જીવમાં જડતા આવે) |
| જ્ઞાન સહીતની ભક્તિ | જ્ઞાન રહીતની ભક્તિ (માન બુધ્ધિ વધારે) |
| જ્ઞાન સહીતનું ધ્યાન | જ્ઞાન રહીતનું ધ્યાન (લબ્ધિ પ્રગટવાથી જીવ પડે અને પાડે) |
| જ્ઞાન સહીતનો ત્યાગ | જ્ઞાન રહીતનો ત્યાગ (સ્વચ્છંદી બનાવે) (ભક્તિનો કરેલો અહંકાર) |
| જ્ઞાન સહીતનું ભાન | જ્ઞાન રહીતનું ભાન (સંસારભાવનું) (તિર્યંચ અને નરકનાં દુખો). |
| અનુભવ યાત્રા બનવાનું કારણ | |

**ઉપયોગ સહીતની તીર્થયાત્રા ગુણો પ્રગટવાનું કારણ**
**ઉપયોગ રહીતની તીર્થયાત્રા કષાયો વધારવાનું કારણ**

## જૈનો જાગો

લેખાંક : ૩૨

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

તીર્થસ્થળમાં સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખીને વર્તવું. નાના મોટાનો (અમીર-ગરીબનો) ભેદ ન રાખવો. સૌ જીવો પ્રત્યે આદરપૂર્વક વર્તવું અને જે જીવો સહાયતા કરે તેનો ઉપકાર માનીને તે રીતે તેમની સાથે વર્તવું. કોઈપણ જીવોની ભક્તિ વિષે નિંદા કરવી નહીં અને આપણી ભક્તિથી બીજા જીવોને દુર્ભાવ (વિક્ષેપ) થાય તેવી રીતે આપણે પણ ભક્તિ કરવી નહીં. અને થોડા સમયનું તીર્થયાત્રા માટે

*** સત્સંગ ***

**● તારે તે તીર્થ ●**
**આત્માર્થે કરેલી તીર્થયાત્રા તે અનુભવયાત્રા બને,**
**(તીર્થની આરાધના કરી ગણાય)**
**લોકાર્થે કરેલી યાત્રા તે વૈચારિક (મરણ) યાત્રા બને.**
**(તીર્થની વિરાધના કરી ગણાય)**

બાળજીવોએ ક્યારેય કર્યો છે ? સર્વ ધર્મોનાં જ્ઞાની પુરૂષોએ અને ધર્માચાર્યોએ બાળજીવો માટે મોક્ષમાર્ગમાં આવવા માટે અને માર્ગમાં ચાલવા માટે (ગુણો પ્રગટાવવા અને વિષય કષાયો કાપવા માટે)ની ઘણી સરળ રીતોમાં સર્વ શ્રેષ્ઠ સાધન તરીકે તીર્થાટનને સર્વ પ્રથમ સ્થાન આપ્યું છે અને તે યથાર્થ છે, તે કેવી રીતે અને કેવી સમજણથી યાત્રા કરવી તેની વિચારણા કરીએ.

સૌ પ્રથમ યાત્રા પ્રવાસ કરવાનો હોય તે તીર્થની ઐતિહાસીક પ્રાચીનતા અને તેની ભવ્યતા જાણી લેવી કે જેથી તે તીર્થની યાત્રા કરવાની ઝુરણાં બળવાન બને અને તે તીર્થમાં શ્રી પરમાત્માનાં દર્શન અને ભક્તિ કરવાની ઉત્કૃષ્ટતા બળવાન બને. બીજું યાત્રા પ્રવાસ વખતે ક્યારેય વધારે તીર્થોમાં જવાની વૃત્તિ ન રાખવી.

**''તીર્થો ઓછા અને દિવસો વધારે રાખવા**
**પણ**
**દિવસો ઓછા અને તીર્થો વધારે ક્યારેય ન રાખવા.''**

જે તીર્થમાં ગયા હોય અને હજી ભાવ જાગે ન જાગે ત્યાં બીજા તીર્થમાં જવાની તૈયારી કરવાથી તે અનુભવયાત્રા નથી બનતી પણ લોકયાત્રા બને છે. (બીજા જીવો પાસે કહેવા માટે કે અમે ઘણા તીર્થોની યાત્રા કરી.)

સૌ પ્રથમ યાત્રા પ્રવાસ વખતે એ ધ્યાન રાખવું કે જ્યારે લોકસમુહ તીર્થસ્થળમાં ઓછો હોય ત્યારે જવું.

**''સંસારની અનુકુળતાએ કરેલો યાત્રા પ્રવાસ**
**સહેલગાહ પ્રવાસ બને છે**
**અને**
**સંસારીક (સમયની) પ્રતિકુળતાએ કરેલો**
**યાત્રા પ્રવાસ અનુભવ પ્રવાસ બને છે.''**

બીજું યાત્રા પ્રવાસ વખતે બને ત્યાં સુધી ઘરનાં સભ્યો સાથે જ જવું. બહારનાં (સગા-સ્નેહી)ઓ સાથે ન જવું. તેઓ સાથે હોય તો ધર્મભાવ કરતાં સંસારીક ભાવ વધારે રહે, શ્રી પરમાત્માની ભક્તિ કરવાને બદલે સંબંધો સાચવવાની ઉપાધી વધારે રહે.

**યાત્રા પ્રવાસ કરવાનો મુખ્ય હેતું સંસારીક અને વ્યાપારીક વિચારોનું વિસ્મરણ અને શ્રી પરમાત્માનું સહજતાથી સ્મરણ રહે તે છે અને તે રહે તેવી રીતે યાત્રા કરવી.** તે માટે યાત્રા પ્રવાસમાં જરૂરીયાત સાવ ઓછી રાખવી. બને તો વસ્ત્રો બદલવા પણ નહીં અને પગમાં પણ કંઈ પહેરવું નહીં કારણ કે જે તીર્થક્ષેત્રમાં જવાના હોઈએ તો ત્યાનાં પુદ્ગલ-પરમાણુંઓનો સ્પર્શ સતત રહે અને તે ક્ષેત્રનું યોગબળ પણ સતત મળતું રહે અને તેનાં કારણે વૈચારીક ભાવ સહજતાથી શુધ્ધ થવા લાગે.

બીજું સાથે કિંમતી સાધનો ન રાખવા કે જે સાચવવાની ઉપાધી રહે. (તેનાં કારણે સતત લક્ષ તે સાધનોમાં રહે).

બાળજીવોને ક્ષેત્ર અને દ્રવ્યનો યોગ થાય અને સમય તેને અનુરૂપ હોય તો ભાવ સહજતાથી ધારણ થાય, (ભાવ ધારણ કરવા પડતાં નથી).

**યાત્રા પ્રવાસમાં સુખબુધ્ધિ, સ્વાર્થબુધ્ધિ અને કપટબુધ્ધિ ટાળવા જઈએ છીએ અને નિર્મળબુધ્ધિ ધારણ કરવી છે** એ સમજણ સાથે પ્રવાસ કરવાનો હોવાથી જે તીર્થમાં ગયા હોઈએ ત્યાં સારી ધર્મશાળા (રહેવાની સારી સગવડતાં) અને સારા ભાવતા આહારની સગવડતાનો વિચાર સુધ્ધાં કરવો ન જોઈએ. ચાર કે પાંચ દિવસમાં કંઈ ફરક પડવાનો નથી અને કદાચ ઓછું ખાવાથી આળસ અને પ્રમાદ ઓછો આવે. તીર્થ સ્થળમાં આવીએ ત્યારે એ ખાસ ધ્યાન રાખવું કે અહિંયા શ્રી પ્રભુ ભક્તિ માટે આવ્યાં છીએ. સંસારમાં જે કાંઈ કરીએ, બોલીએ અને વર્તીએ એ રીતે આ સ્થળમાં ન વર્તાય.

**સંસારમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત જીવ તીર્થ સ્થળમાં જઈને કરે,**
**તીર્થ સ્થળમાં કરેલા પાપોનું પ્રાશ્ચિત જીવ ક્યાં જઈને કરે?**

**યાત્રા પ્રવાસ વખતે બને તેટલો સમય મૌન રહેવું અને જે જીવન જીવ્યાં તેનો વિચાર કરવો અને આવતા ભવમાં સાથે રહે તેવું શું કર્યું ? તેનો વિચાર કરવો.** ક્રોધ કોઈપણ કારણસર ન જ કરવો (અહિંયા સંસાર કે વ્યાપારની ઉપાધી નથી કે કરવો પડે) બીજા ગેરહાજર જીવોની વાતો ન કરવી. (પરનિંદા ન કરવી). બીજા સાથેના જીવોનો વિચાર કરીને તેમની સાથે તેમની અનુકુળતા પ્રમાણે વર્તવું. તેમની સગવડતાં સાચવવા માટે જીવને અગવડતા પડે તો પણ સરળતાથી સ્વીકારવી. બીજા જીવો પાસેથી શ્રી પ્રભુ ભક્તિ કરાવવાનો વિશેષ આગ્રહ ન રાખતાં પોતાની ભક્તિમાં વિશેષ લક્ષ આપવું એ આત્મ કલ્યાણનું કારણ બને.

*** સત્સંગનું ફળ ***

**સંસારમાં સંસારભાવનું, સંસારભાવથી સંસારભાવનું મરણ ન થાય,**
**''પણ''**
**આત્મિક ભાવે, આત્મિક સ્વભાવે, અને આત્મિક અનુભવે, સર્વ સમય માટે**
**''સંસારભાવનું મરણ થાય''.**

સમજણપૂર્વક ઉપાડેલું કષ્ટ આત્મકલ્યાણનું કારણ બને અને આત્માનાં ઘણા ગુણો સરળતાથી પ્રગટવાનું કારણ બને જેવા કે સહનશીલતા, સરળતા, સમદ્રષ્ટિ, સમભાવ, સંતોષીપણું, આત્મ સન્માનની જાગૃતિ, નિરાભિમાનીપણું, નિર્ભયતા, નમ્રતા, નિર્મળબુધ્ધિ, ત્યાગ ભાવના, દયાભાવ, અહિંસકભાવ એવા અનેક ગુણો પ્રગટવાનું કારણ બને. અને જીવમાં પડેલા મુખ્ય એવા પાંચ ઈન્દ્રિયોનાં વિકારભાવ, ચાર કષાય ભાવ અને રાગ-દ્વેષ ઘણાં અંશે મંદ થવાનું કારણ બને અને આવા પ્રકારનાં ગુણો પ્રગટાવવા અને અવગુણો કાઢવાનું સરળ બને અને છતાં સંસારીકપણાંમાં ક્યાંય અવરોધ ન આવે.

**યાત્રા પ્રવાસ કરવો અને સુખવૃત્તિ ત્યાગવી, પ્રતિકુળતામાં રહેવું અને સુખભાવ અનુભવવો.** આવી સમજણ સાથે બાળજીવોએ તીર્થયાત્રા કરવી અને સાથે દ્રષ્ટિમાં સુખ અને દુઃખને સમ ગણવા અને નિમિત્ત કારણને દોષ ન દેતા સમભાવમાં રહેવું તોજ યાત્રા પ્રવાસને અનુભવયાત્રા બનાવી શકાય અને આવી અનુભવયાત્રા જીવોએ વારંવાર (લગભગ બે કે ત્રણ માસમાં) કરવી કે જેનાથી સંસારભાવ કરતા ધર્મભાવનું જીવનમાં બળવાન સ્થાપન થાય અને ભાવી ભવોમાં મુક્તિનું કારણ બને.

**''સાચી સમજણથી કરેલી તીર્થયાત્રામાં શ્રી પરમાત્માની પ્રતિમાજી તથા શ્રી પરમાત્માનું નામ અને શ્રી પરમાત્માની ભક્તિ તત્કાળ ફળે,**
**પ્રતિકુળ સંજોગોમાં પણ પરમ શાંતિ અને આનંદ-આનંદ આપે.''**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.